વિદેશી નોંધણી અધિકારીઓ (Foreigners
Registration Officers- FROs)ને
સત્તાઓ સુપરત કરવા બાબત

ગુજરાત સરકાર
ગૃહ વિભાગ
ક્રમાંક: MIS/124/2014/F-II
સચિવાલય, ગાંધીનગર
તા.૨૧/૧૦/૨૦૧૫

વંચાણે લીધા:- ૧. ગૃહ વિભાગનો તા.૦૮/૧૧/૨૦૦૫નો હુકમ ક્રમાંક : એફઓઆર/૧૧/૨૦૦૫/ફ-૨

૨. ગૃહ વિભાગનો તા.૦૪/૦૮/૨૦૧૦નો પત્ર ક્રમાંક : MIS/62/2010/F-II

3. ગૃહ વિભાગનો તા.૧૬/૦૨/૨૦૧૩નો પત્ર ક્રમાંક : MIS/62/2010/F-II

૪. વિઝા મેન્યુઅલ-૨૦૧૧ તેમજ **IVFRT** પ્રોજેક્ટ હેઠળના ઓનલાઈન **C-FRO** મોડ્યુલમાં દર્શાવેલ ગૃહ મંત્રાલય, નવી દિલ્હી દ્વારા અલગ અલગ સરક્યુલરથી આપવામાં આવેલ વખતોવખતની સૂચનાઓ

ઠરાવ:-

ફોરેનર્સ એક્ટ,૧૯૬૪ની કલમ-3 (કલમ-3(૨)(જી)સિવાય) ; રજિસ્ટ્રેશન ઓફ ફોરેનર્સ એક્ટ, ૧૯૩૯ની કલમ-3 અને પાસપોર્ટ (એન્ટ્રી ઈન ટૂ ઈન્ડિયા) એક્ટ, ૧૯૨૦ની કલમ-3,૪ અને ૫ હેઠળની વિવિધ સત્તાઓ ભારત સરકાર દ્વારા તમામ રાજ્ય સરકારો અને કેન્દ્રશાસિત પ્રદેશોને સુપરત કરાયેલ છે આ સત્તાઓના સરળ અને અસરકારક અમલીકરણ માટે આ સત્તાઓ આગળ ક્ષેત્રીય કક્ષાએ સુપરત કરવાની ભારત સરકારના ગૃહ મંત્રાલયની સૂચના મૂજબ વિવિધ પ્રકારના વિઝા એક્ષ્ટેન્શન તેમજ લીવ ઈન્ડિયા મંજૂર કરવાની સત્તાઓ **Foreigners Registration Officers (FROs)** ને સુપરત કરવા અંગેના હુકમ સંદર્ભક્રમાંક:૧માં દર્શાવેલ આ વિભાગના હુકમથી કરવામાં આવેલ છે.

સંદર્ભ ક્રમાંક-૨માં દર્શાવેલ આ વિભાગના તા.૦૪/૦૮/૨૦૧૦ના પત્રથી **Employment Visa** અને **Business Visa Extension** ની સત્તાઓ રાજ્ય સરકાર હસ્તક(ગૃહ.વિભાગ) રાખેલ હોવા અંગેની જાણ તમામ સંબંધિત સત્તાધિકારીઓને કરવામાં આવેલ છે.

- સંદર્ભ ક્રમાંક-૩માં દર્શાવેલ તા.૧૬/૦૨/૨૦૧૩ના આ વિભાગના પત્રથી અધતન વિઝા મેન્યુઅલ-૨૦૧૧ની જોગવાઈ મુજબ એક્ષ્ટેન્શનની સત્તા રાજ્ય સરકારને હોવાથી તે મુજબ કાર્યવાહી હાથ ધરવા તમામ **FRO**ને જણાવવામાં આવેલ છે.

- હવે ગૃહ મંત્રાલય, નવી દિલ્હી દ્વારા ઓગસ્ટ-૨૦૧૩થી વિઝા એક્ષ્ટેન્શન, લીવ ઈન્ડિયા વિગેરે અંગેની વિદેશી નાગરિકો બાબતે કરવાની થતી તમામ કામગીરી IVFRT, પ્રોજેક્ટ હેઠળ ઓનલાઈન કરવાની સૂચના ઓગસ્ટ ૨૦૧૩ થી અમલમાં છે અને આ બાબતે ગૃહ મંત્રાલય, નવી દિલ્હીએ જુદી જુદી તારીખોએ પ્રસિદ્ધ કરેલ સરક્યુલર કે જે C-FRO, મોડ્યુલમાં ઓનલાઈન ઉપલબ્ધ છે તે મુજબ વિઝા એક્ષ્ટેન્શન, લીવ ઈન્ડિયા વિગેરે પ્રકારની તમામ કામગીરી FRO કક્ષાએ સુપરત કરવાની સૂચનાઓ આપેલ છે. તદનુસાર હવેથી IVFRT પ્રોજેક્ટ અંતર્ગત, ગૃહ મંત્રાલય, નવી દિલ્હીની તે અંગેની C-FRO મોડ્યુલમાં નીચે જણાવેલ ઓનલાઈન ઉપલબ્ધ મુખ્ય સૂચનાઓ:

| CIRCULAR NO. & DATE | SUBJECT | DETAILS |
|---|---|---|
| NO.435 DATED 13/03/2014 | AMENDMENTS TO CHAPTER- 1- GENERAL OF THE VISA MANUAL | PARA-1.28-GRANT OF EXIT PERMISSION<br>PARA-1.29-GRANT OF TEMPORARY EXTENSION OF VISA<br>PARA-1.30-CANCELLATION OF INDIAN VISA<br>PARA-1.31- ENDORSEMENT OF VISA/EXIT(OTHER THAN SURROGACY CASES)<br>PARA-1.32- ENDORSEMENT OF VISA/EXIT IN CASE OF PASSPORT ACQUIRED WHILE IN INDIA<br>PARA-1.32- C-FRO MODULE |

| | | |
|---|---|---|
| CIRCULAR NO.436 DATED 29/04/2014 | AMENDMENTS TO CHAPTER-3- TOURIST VISA, CHAPTER-5- EMPLOYMENT VISA CHAPTER-6- BISINESS VISA OF THE VISA MANUAL | REPLACEMENT OF EXISTING PARA-3.3 CONDITIONS OF THE TOURIST VISA CHAPTER-5-EMPLOYMENT VISA REPLACEMENT OF SUB-PARAS OF PARA-5.4,5.5,5.6,5.7,5.9,5.14 OF VISA MANUAL. CHAPTER-6 –BUSINESS VISA- REPLACEMENT OF DETAILS IN EXISTING PARA-6.5 & 6.6 |
| CICULAR NO-438 DATED 04/08/2014 | AMENDMENTS TO CHAPTER 17- LANDING PERMIT AND CHAPTER 19- FOREIGNERS OF INDIAN ORIGIN OF THE VISA MANUAL | CHAPTER-17 LANDING PERMIT REPLACEMENT OF EXISTING PARA-17.2 CHAPTER-19- FOREIGNERS OF INDIAN ORIGIN REPLACEMENT OF EXISTING PARA-19.4,19.6,19.7 & PARA-19.6 IS RENUMBERED AS 19.8. |

આ સિવાય પણ કેન્દ્ર સરકાર કોઈ સુધારા કરે તો તે મુજબ FRO નાઓએ તેમની કક્ષાએ જણાવેલ સૂચના મૂજબ કાર્યવાહી કરવાની રહેશે.

તેમજ તે પછીની વખતોવખતની સૂચનાઓ/હુકમ મૂજબ તમામ પ્રકારના વીઝા એક્સ્ટેન્શન, લીવ ઈન્ડિયા, ભારતીય મૂળના હોય(PIO) તેવા વિદેશી નાગરિકોના ભારતમાં જન્મેલ બાળકોને વીઝા મંજૂર કરવા વિગેરે પ્રકારની તમામ બાબતો અંગેની રાજ્ય સરકાર હસ્તકની તમામ કામગીરી ક્ષેત્રીય કક્ષાએ એટલે કે વિદેશી નોંધણી અધિકારી Foreigners Registration Officers (FROs) તરીકે સંબંધિત પોલીસ કમિશનરશ્રીઓ/પોલીસ અધીક્ષકશ્રીઓને સુપરત કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

૨. અમદાવાદ શહેર, અમદાવાદ ગ્રામ્ય તેમજગાંધીનગર જિલ્લા પૂરતી આ અંગેની કામગીરી હાલ Bureau of Immigration ગૃહ મંત્રાલય, નવી દિલ્હી હસ્તકના FRRO, અમદાવાદ દ્વારા કરવામાં આવી રહેલ છે.

3. સંબંધિત પોલીસ કમિશનરશ્રીઓ અને પોલીસ અધીક્ષકશ્રીઓએ ઉપર જણાવેલ ફકરા-૧ની વિગતે જરૂરી તમામ કામગીરી ગૃહ મંત્રાલય, નવી દિલ્હીની IVFRT પ્રોજેક્ટ અંતર્ગત વીઝા મેન્યુઅલ તેમજ C-FRO મોડ્યુલમાં આપવામાં આવતી વખતોવખતની તમામ સૂચનાઓ મૂજબ કાર્યવાહી કરવાની રહેશે.

૪. આ હુકમો પાકિસ્તાન અને બાંગ્લાદેશના નાગરિકોના કિસ્સામાં લાગુ પડશે નહીં.

૫. આ હુકમો તા: ૦૧/૧૧/૨૦૧૫ થી અમલમાં આવશે.

૬. આ હુકમો વિભાગની સરખાકમાંકની ફાઈલ ઉપર સરકારશ્રીની તા.૦૫/૧૦/૨૦૧૫થી મળેલ મંજૂરી અન્વયે રવાના કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેના નામે,

(ડી.આર.ભમ્મર)
ઉપસચિવ
ગૃહ વિભાગ

પ્રતિ,

- માન.મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧,સચિવાલય, ગાંધીનગર.
- માન.રાજ્યકક્ષાના મંત્રીશ્રી (ગૃહ)ના અંગત સચિવશ્રી,સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના ઉપસચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
- પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, પોલીસ ભવન, ગાંધીનગર
- અધિક પોલીસ મહાનિર્દેશકશ્રી(ઈન્ટેલિજન્સ), ગુજરાત રાજ્ય, પોલીસ ભવન, ગાંધીનગર
- પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટ શહેર
- તમામ જિલ્લાના પોલીસ અધીક્ષકશ્રીઓ
- અધિક મુખ્ય સચિવશ્રી(ગૃહ)ના રહસ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી(ગૃહ)ના રહસ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નેશનલ ઇન્ફોર્મેટિક્સ સેન્ટર,બ્લોક નં.૧૩, સચિવાલય ગાંધીનગર
- સેક્શન અધિકારીશ્રી, ફ-૧ શાખા, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સે.અ.શ્રી,આઈ.ટી.સેલ,ગૃહવિભાગ, સચિવાલય,ગાંધીનગર.
  પ્રસ્તુત ઠરાવ ગૃહવિભાગની વેબસાઈટ ઉપર પ્રસિદ્ધ કરવાની વિનંતી સહ
- શાખા સિલેક્ટ ફાઈલ.
- ના.સે.અધિકારી સિલેક્ટ ફાઈલ